| | | | |
|---|---|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૧૯/૧૦/૨૦૨૨ | | |
| અરજી નોંધ્યાં તારીખ | ૧૯/૧૦/૨૦૨૨ | | |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૧૫/૦૨/૨૦૨૪ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૩ | ૨૭ |

# મહે. અમરેલીનાં એડિશનલ સીનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.અમરેલી.

**દિવાની પરચુરણ પરપુરણ અરજી નં. ૧૧૨/૨૦૨૨**

**આંક:______**

**અરજદારો :–** ગુજરનાર નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરના સીધી લીટીના વારસદાર

(૧) તૃપ્તીબેન પંકજભાઈ કટકીયા,
ઉ.વ. ૩૮, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ,
રહે. ૨૭/એ, હરીધામ સોસાયટી, શેરી નં. ૩, ભોજલપરા,
કેરીયા રોડ, અમરેલી.

(૨) હિનાબેન મહેન્દ્રભાઈ ગોંડલીયા,
ઉ.વ. ૪૫, ધંધો : ઘરકામ,
રહે. ૧૭, લક્ષ્મીનારાયણ સોસાયટી, કેશવ નગર,
સુભાષબ્રીજ, વી.ટી.સી. અમદાવાદ સીટી.

(૩) સંગીતાબેન વિપુલભાઈ કટકીયા,
ઉ.વ. ૩૪, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ,
રહે. ૨૭/બી, હરીધામ સોસાયટી, શેરી નં. ૩, ભોજલપરા,
કેરીયા રોડ, અમરેલી.

– :: વિરુધ્ધ ::–

**સામાવાળા:–**(૧) બ્રાંચ મેનેજરશ્રી,
એચ. ઓ. ડી. કલેઈમ ડિપાર્ટમેન્ટ,
લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, શાખા અમરેલી.
ઠે. એલ.આઈ. સી. ઓફીસ, નાગનાથ મંદિર પાછળ,
મુ. પો. તા. જી. અમરેલી.

(૨) મુખ્ય અધિકારીશ્રી,
કલેઈમ ડિપાર્ટમેન્ટ,
લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા,
ડિવીઝન ઓફીસ, જીવનપ્રકાશ, નીલમબાગ સર્કલ,
ભાવનગર – ૯૬૪૦૦૧.

**બાબત** :– ઈન્ડીયન સકસેશન એકટની કલમ–૩૭૨ અન્વયે વારસાઈ સર્ટીફીકેટ મળવા બાબત...

---

અરજદારો તરફે વિ.વકીલશ્રી એ. સી. વરીયા.
સામાવાળાઓ તરફે કોઈ નહી.

---

## –: ઠ રા વ :–

**(૧)** અરજદારોએ હાલની અરજી ભારતીય વારસાઈ અધિનિયમની કલમ–૩૭૨ મુજબ સ્વ. નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરની વીમા પોલીસી અંગે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા માટે કરેલ છે.અરજદારોની અરજીની ટુંકમાં હકીકત મુજબ અરજદારોનાં ભાઈ શ્રી નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર સુરત મુકામે તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે. જે અંગેના મરણ સર્ટીફીકેટની નકલ આ કામમાં અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. અરજદારોના પિતાશ્રી સ્વ. દેવરાજભાઈ મેઘજીભાઈ ઉનાગર તા.૨૯/૧૦/૨૦૦૮ ના રોજ અવસાન પામેલ છે તથા અરજદારના માતૃશ્રી નબુબેન દેવરાજભાઈ ઉનાગર પણ તારીખ ૨૯/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે જે અંગેના મરણ સર્ટીફીકેટની નકલ આ કામમાં અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. અરજદારોના ભાઈશ્રી અવસાન પામ્યા ત્યારે તેઓ સામાવાળા લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં રૂા.૧,૨૫,૦૦૦/– નો વીમો પોલીસી નંબર ૮૧૮૭૨૭૭૮૭ થી ધરાવતા હતા જે આ કામે ડી.લીસ્ટ સાથે અલગથી રજુ રાખેલ છે. અરજદારોના ભાઈશ્રી અવસાન પામતા અરજદારો સિવાય અન્ય કોઈ વારસદારો નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદારોના ભાઈની સામાવાળા વીમા કંપનીમા જીવન વીમા પોલીસીની જમા કરેલ રકમ મળવા માંગણી કરતા સામાવાળા નં. ૨ તરફથી તેમના પત્ર નં. ૫૨૧૬, તા. ૨૨/૧૧/૨૦૨૧ ના રોજ તેમજ તેમના રેફરન્સ પત્ર નં. બી.ડી.ઓ./ કલેઈમ/૩ થી અરજદારનોને જણાવેલ કે આ કામે અરજદારો તેમના ભાઈના વારસદાર હોવા

અંગે નામદાર કોર્ટ પાસેથી સકસેશન સર્ટીફીકેટ (વારસાઈ પ્રમાણપત્ર) રજુ કરે જેથી તેઓ અરજદારોને સદર પોલીસીની રકમ ચુકવી શકે જેથી અરજદારોએ હાલની અરજ કરવા ફરજ પડેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારોએ ગુજરનારની વીમા પોલીસી સબંધે કરેલ અરજી નામ. અમરેલી કોર્ટની હકુમતમાં આવેલ હોય આ અરજી સાંભળવા નામ. કોર્ટને હકુમત છે. આ અરજીને મુદતનો બાદ નડતો નથી. તેમજ જણાવી આ કામના સામાવાળા સમક્ષ તેમની કંપનીમાં રહેલ અરજદારના ગુ. ભાઈ નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરની જીવન વીમા પોલીસી નં. ૮૧૮૭૨૭૭૮૭ ની મળવા પાત્ર રકમ રૂા.૧,૨૫,૦૦૦/- તથા તે હેઠળ કલેઈમની થતી નિયત રકમ સમગ્ર હિસાબી મેળવણું કરી મળવાને પાત્ર અરજદાર હોવા અંગે ઈન્ડીયન સકસેશન એકટની કલમ ૩૭૨ અન્વયે વારસાઈ સર્ટીફીકેટ આપવા તથા અરજદારની અરજ મંજુર કરવા અને આ અંગેનો ઘટતો આદેશ સામાવાળાને કરવા હુકમ મળવા અરજ કરેલ છે.

(૨) સદર કામ પ્રથમ અમરેલી પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે સામાવાળાઓને નોટીસ કરતા, સામાવાળાઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ આંક - ૦૬ થી પોતાનો જવાબ આંક - ૦૬ થી રજુ કરવામાં આવેલ છે જે શબ્દસહ વંચાણે લેવામાં આવેલ છે તેની ટુંકમાં હકીકત મુજબ ગુજરનાર નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર નાઓ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં રૂા. ૧,૨૫,૦૦૦/- નો વીમો પોલીસી નંબર ૮૧૮૭૨૭૭૮૭ થી ધરાવતા હતા અને પોલીસી ધારકે તેમના માતૃશ્રી નર્મદાબેન ઉર્ફે નબુબેન દેસવરાજભાઈ ઉનાગર નાઓને નોમીનેટ કરેલ હતા અને તેઓ પણ તારીખ ૨૯/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ હોય અને વીમા પોલીસી ધારકે અરજદારોને તેમના નોમીનેટ કરેલ ન હોય જેથી અરજદારોને વીમા પોલીસ ધારકના વારસદારો હોય તો વારસાઈ સર્ટીફીકેટ રજુ કરવા જણાવેલ છે જેથી વીમા પોલીસી ધારકનુ વારસાઈ સર્ટીફીકેટ આવ્યેથી તેઓ વીમા પોલીસીની રકમ યોગ્ય વારસદારને ચુકવી શકે તેમ જણાવેલ છે.

(૩) સદર કામે અરજદારો તરફે નીચે મજુબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## મૌખિક પુરાવા

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નં. ૧ તૃપ્તીબેન પંકજભાઈ કટકીયાનું સરતપાસનું સોગંદનામું | ૧૩ |
| ૨ | અરજદાર નં. ૨ હિનાબેન મહેન્દ્રભાઈ ગોંડલીયાનું સરતપાસનું સોગંદનામું | ૨૬ તથા ૨૮ |
| ૩ | અરજદાર નં. ૩ સંગીતાબેન વિપુલકુમાર કટકીયાનું સરતપાસનું સોગંદનામું | ૨૭ તથા ૨૯ |

## દસ્તાવેજી પુરાવા

| અ.નં. | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | જાહેર નોટીસ | ૧૦ |
| ૨ | જાહેર પ્રસિધ્ધીનુ ન્યુઝપેપર | માર્ક ૧૧/૧ |
| ૩ | સામાવાળા કંપનીના ગુજરનાર નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરની વીમા પોલીસની નકલ | ૧૫ |
| ૪ | સામાવાળા કંપની તરફથી અરજદારોને કોર્ટમાંથી વારસાઈ સર્ટી લઈ આવવા અંગે લખેલ પત્રની નકલ | ૧૬ |
| ૫ | અરજદારોનાં પિતાશ્રીના સ્વ. દેવરાજભાઈ મેઘજીભાઈ ઉનાગર ના મરણના દાખલાની નકલ | ૧૭ |
| ૬ | અરજદારોના માતૃશ્રી સ્વ. નબુબેન દેવરાજભાઈ ઉનાગરના મરણનાં દાખલાની નકલ. | ૧૮ |
| ૭ | અરજદારોના ભાઈશ્રી નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરના મરણનાં દાખલાની નકલ. | ૧૯ |
| ૮ | અરજદાર નં. ૧ ના આધાર કાર્ડની નકલ | ૨૦ |
| ૯ | અરજદાર નં. ૨ ના આધાર કાર્ડની નકલ | ૨૧ |
| ૧૦ | અરજદાર નં. ૩ ના આધાર કાર્ડની નકલ | ૨૨ |
| ૧૧ | અરજદારોના પેઢીનામાની નકલ | ૨૩ |

(૪) આ કામે અરજદારો તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવાનો રહેતો ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક – ૨૪ તથા ૩૦ થી રજુ કરેલ છે. જેથી અરજદારોનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪.૧) આ કામે સામાવાળાઓએ હાજર રહી તેમના તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી સામાવાળાઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) આ કામે અરજદારોના વિ.વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જયારે સામાવાળાઓ તરફે કોઈ હાજર રહેતા ન હોય સામાવાળાનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) હાલના અરજદારો તરફે રજુ કરવામાં આવેલ સોગંદ ઉપરનો મૌખિક પુરાવો ઘ્યાને લેતા તેઓએ તેમની અરજીની હકીકતો શબ્દસહ વર્ણવેલ છે જેથી તેનુ અત્રે પુનરાવર્તન કરવામાં આવેલ નથી. અરજદારોની અરજી, અરજદારોનો સોગંદ ઉપરનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવા તથા સામાવાળાએ રજુ કરેલ જવાબ વંચાણે લેવામાં આવેલ છે. સમગ્ર હકીકત ઘ્યાને લેતા અરજદારોએ તેમના ગુજરનાર ભાઈશ્રી સ્વ. નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર નાઓ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં રૂા. ૧,૨૫,૦૦૦/– નો વીમો પોલીસી નંબર ૮૧૮૭૨૭૭૮૭ થી ધરાવતા હતા તેમ જણાવી આંક – ૧૫ વાળી પોલીસીની નકલ રજુ કરેલ છે. તેમજ અરજદારોના ભાઈ શ્રી સ્વ. નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ હોય, અરજદારોના પિતાશ્રી સ્વ. દેવરાજભાઈ મેઘજીભાઈ ઉનાગર તા.૨૯/૧૦/૨૦૦૮ ના રોજ તથા અરજદારોના માતાશ્રી નબુબેન દેવરાજભાઈ ઉનાગર તારીખ ૨૯/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ હોવાનુ જણાવેલ છે જે તમામના મરણ સર્ટીફીકેટની નકલો આંક – ૧૭ થી આંક – ૧૯ સુધી રજુ રાખવામાં આવેલ છે. જેથી અરજદારોના ગુજરનાર ભાઈશ્રીના અરજદારો સિવાય અન્ય કોઈ વારસદારો નથી તેમ જણાવી અરજદારોના ગુજરનાર ભાઈશ્રી સ્વ. નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરનું પેઢીનામુ આંક – ૨૩ થી રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા અરજદારોના ગુજરનાર ભાઈના હાલના અરજદારો સિવાય અન્ય કોઈ વારસદારો હોવાનુ જણાતુ નથી. આ કામના

સામાવાળાઓનો આંક – ૦૬ ના વાંધા જવાબ વંચાણે લેતા તેઓએ પણ શ્રી સ્વ. નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર વીમા પોલીસી ધરાવતા હોવાની હકકીત જણાવેલ છે અને વીમા ધારકના નોમીનેટ તરીકે તેઓના માતૃશ્રી નબુબેન દેવરાજભાઈ ઉનાગર હતા તેઓ પણ અવસાન પામેલ હોવાનુ જણાવેલ છે તેમજ હાલના અરજદારોને તે વીમા પોલીસીમાં નોમીનેટ કરવામાં આવેલ ન હોય જેથી વારસાઈ સર્ટીફીકેટ વીના તેઓ ગુજરનારની વીમા પોલીસીની રકમ હાલના અરજદારોને ચુકવી ન શકે જેથી તેઓએ અરજદારોને નામદાર કોર્ટમાં વારસાઈ સર્ટીફીકેટ લાવવા જણાવેલ હોવાનુ જણાવે છે. આ કામે અરજી અન્વયે જાહેર પ્રસિધ્ધી કરાવવામાં આવેલ છે તેમ છતાં આ કામે અરજદારો સિવાય ગુજરનારના અન્ય કોઈ વારસદારો હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી કે અન્ય કોઈએ અરજદારોની અરજી અન્વયે વાંધા તકરાર લાવેલ નથી. જેથી અરજદારો તરફે રજુ થયેલ ગુજરનારનું પેઢીનામુ ધ્યાને લેતા અરજદારો સિવાય બીજા કોઈ વારસો હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમાં અરજદારોની સોંગદ ઉપરની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી. આંક – ૧૯ થી નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર નાઓનો મરણનો દાખલો રજુ થયેલો છે તે ધ્યાને લેતાં નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર અવસાન પામેલ છે તથા આંક – ૧૭ તથા આંક – ૧૮ થી ગુજરનાર નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરના માતા – પિતા ના મરણના દાખલા રજુ થયેલ છે જે ધ્યાને લેતા ગુજરનાર નયનભાઈના માતા–પિતા અવસાન પામેલ છે. આંક – ૨૩ નું પેઢીનામુ ધ્યાને લેતા તેમાં સ્વ. નયનભાઈ પરણિત હતા અને તેમના પત્નિ હેતલબેન સાથેના લગ્ન જીવનથી કોઈ સંતાન થયેલ નથી અને ગુજરનારના તેમના પત્નિ સાથે છુટા છેડા થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે અને જાહેર નોટીસ કરવા છતા કોઈ વાંધા તકરાર આવેલ નથી ત્યારે અરજીની હકીકત, પેઢીનામાની હકીકત તથા સોગંદ ઉપરની હકીકતને નહી માનવા કોઈ કારણ નથી. જેથી સોગંદ ઉપરના પુરાવાથી ગુજરનારને અરજદારો સિવાય અન્ય કોઈ વારસો નથી તેવુ પુરવાર થાય છે. **વધુમા આંક – ૨૭ તથા આંક – ૨૯ ના અરજદાર નં. ૨ તથા ૩ ના સોગંદનામા વંચાણે લેતા તેઓએ આ કામે અરજદાર નં. ૧ તૃપ્તીબેન પંકજભાઈ કટકીયા નાઓને અરજદારોના ગુજરનાર ભાઈ નયનકુમાર દેવરાજભાઈ ઉનાગરની જીવન વીમા પોલીસી અને તેની મળવાપાત્ર રકમના વારસદાર તરીકે નિયુકત કરી, અરજદાર નં. ૧ નું સકસેશન સ ર્ટીકફીકેટ (વારસઈ પ્રમાણપત્ર) આપવામાં આવે તો તેમને વાંધો તકરાર નથી તેમ**

**સોગંદ ઉપર જણાવેલ છે.** આમ હાલની અરજી અન્વયે અરજદાર નં. ૧ ને વારસાઈ સર્ટીફીકેટ આપવા સંદર્ભે કોઈ બાધ નડતો હોવાનું સદર કામેથી ફલીત થતું નથી અને તે સંજોગોમાં હાલની અરજી અન્વયે **અરજદાર નં. ૧ તૃપ્તીબેન પંકજભાઈ કટકીયા** ના નામનું વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

અરજદારોની અરજી આથી ''**મંજુર**'' કરવામાં આવે છે.

અવસાન પામનાર **નયનકુમાર દેવરાજભાઈ ઉનાગર** નાઓની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં વીમા પોલીસી નંબર ૮૧૮૭૨૭૭૮૭ ની રૂા. ૧,૨૫,૦૦૦/- તથા તે હેઠળ કલેઈમની થતી નિયત રકમ સમગ્ર હિસાબી મેળવણું કરી મળવાને પાત્ર રકમ મેળવવા **અરજદાર નં. ૧ તૃપ્તીબેન પંકજભાઈ કટકીયા**, ઉ.વ. ૩૮, ધંધો ઘરકામ, ધર્મે હિન્દુ, રહે. ૨૭/એ, હરીધામ સોસાયટી, શેરી નં. ૩, ભોજલપરા, કેરીયા રોડ, અમરેલી નાઓએ જરૂરી સ્ટેમ્પ રજુ કર્યેથી વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૧૫ મી**, માહે **ફેબ્રુઆરી**, સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. **૧૫/૦૨/૨૦૨૪.**
સ્થળ:-અમરેલી

(નરેન્દ્રકુમાર જેઠાલાલ નાથી)
એડી.સિનીયર સિવીલ જજ અને
ચીફ જ્યુડી.મેજી.અમરેલી
GJ00894